GJCU050000322025

કેસ રજુ તા : ૨૭/૦૧/૨૦૨૫
કેસ દાખલ તા: ૨૭/૦૧/૨૦૨૫
કેસ ફેંસલ તા: ૦૬/૦૭/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૧–૦૫–૦૯

# નસવાડીના મે. જ્યુ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,
## મુ.નસવાડી,જી.છોટાઉદેપુર

**ફોજદારી કેસ નં. ૨૧/૨૦૨૫**
આંક–૩૧

**ફરીયાદી :** **શ્રી સર કાર**

**વિરૂદ્ધ**

**આરોપી :** **રાદીયાભાઈ ડેમસીયાભાઈ ડુ.ભીલ**
રહે. બુધાજલધુની,નસવાડી, તા. નસવાડી , જી.છોટાઉદેપુર

*ગુનો:–પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ (એ)(ઈ),૯૮(૨),૧૧૬ (બી)અન્વયે.....*

---

*સરકારશ્રી તરફે* *:–વિ.એ.પી.પી.શ્રી, એચ.જી. ટેલર*
*આરોપી તરફે* *:–વિ.વ.શ્રી પી.એસ.જયસ્વાલ*

---

<u>–/:(ઠરાવ):/–</u>

(૧)... આ કામના આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ:–**૧૧/૦૪/૨૦૨૪ ના** રોજ **પોતાના કબજા ભોગવટાની હોન્ડા કંપનીની સાઈન મો.સા. જેનો રજી.નં.જીજે ૦૬ કયુબી ૦૬૮૭** ની ઉપર ભારતીય બનાવટના વિદેશી દારુ **બીયરના ટીન નંગ–પર કી.રૂા.૧૧,૪૪૦/– મો.સા.ની કિ.૪૦,૦૦૦/–મળી કુલ મુદ્દામાલ કિ.રૂ. ૫૧,૪૪૦/– નો** પ્રોહી મુદ્દામાલ રાખી એક બીજાની મદદગારીમાં ગુન્હો કરેલ, સદર ગુના અં ગે આરોપીઓ વિરૂધ્ધ **નસવાડી** પોલીસ સ્ટેશનમાં ધી બોમ્બે પ્રોહીબીશન એકટના ગુના મુજબ ફરીયાદ દાખલ કરવામા આવતા **નસવાડી** પોલીસ સ્ટેશનમાં સદર ગુનો રજીસ્ટરે લઈ તપાસ કરનાર અમલદારે આરોપીઓને અટક કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી વિરૂધ્ધ પુરતો

પુરાવો જણાઈ આવતા નામદાર અદાલતમા ચાર્જશીટ કરવામાં આવેલ જેને ફોજદારી રજીસ્ટરે ઉપરોકત નંબરથી નોંધવામાં આવેલ છે.

**(૨)...** આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં તેઓની સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરવામાં આવેલ જે અનુસંધાને કોર્ટમાં ઉપસ્થિત થયેલ ત્યારબાદ આરોપીને **બી.એન.એસ.એસ.ની કલમ–૧૯૩** મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, **બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૩** પ્રમાણે આરોપી ઉપર આરોપી ઉપર **આંક–૦૪** થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી, સદરહું તહોમતનામું આરોપીને વાંચી–સંભળાવી, આરોપીની સદરહું તહોમતનામા અંગે **આંક–૦૫** લગત પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં, તેમણે ગુનો કબૂલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતાં, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

ત્યારબાદ ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે :–

| ક્રમ નં. | મૌખિક તથા દસ્તાવેજી પુરાવો. | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ વિપીનભાઈ શંકરભાઈ ભીલ નાઓની જુબાની | ૧૪ |
| ૨ | પંચનામુ | ૧૫ |
| ૩ | પંચ સાહેદ ઈશ્વરભાઈ છગનભાઈ ભીલ નાઓની જુબાની | ૧૬ |
| ૪ | ફરીયાદી શૈલેષભાઈ નરેશભાઈ રાઠવાનાઓની જુબાની | ૧૮ |
| ૫ | ફરીયાદ | ૧૯ |
| ૬ | ત.ક.ખુમાનભાઈ બનસીંગભાઈ રાઠવાનાઓની જુબાની | ૨૭ |
| ૭ | અસલ ડેપ્યુટ હુકમ | ૨૮ |
| ૮ | એફ.એસ.એલ.રવાનગી ચાદી | ૨૯ |

**(૩)...** ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થતા, આ કામે આરોપીઓનું **બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧** અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં,આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી, બચાવના સાહેદો તપાસેલ નથી કે, સોગંદ ઉપર જુબાની આપેલ નથી અને તેઓને નિર્દોષ ઠરાવી, છોડી મૂકવા અરજ ગુજારેલ છે.

**(૪)...** ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી ની વિગતવાર દલીલો સાંભળવામાં આવી.

**(૫)...** પક્ષકારોની દલીલો તથા રજુ થયેલ પુરાવાઓ તથા રેકર્ડ જોતા, આ કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

<u>-:(મુદ્દાઓ):-</u>

(૧) શું ફરીયાદ પક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી **૧૧/૦૪/૨૦૨૪ ના** રોજ **પોતાના કબજા ભોગવટાની હોન્ડા કંપનીની સાઈન મો.સા. જેનો રજી.નં.જીજે ૦૬ કયુબી ૦૬૮૭** ની ઉપર **ભારતીય** બનાવટના વિદેશી દારુ **બીયરના ટીન નંગ- પર કી.રૂા.૧૧,૪૪૦/- મો.સા. ની કિ.૪૦,૦૦૦/- મળી કુલ મુદ્દામાલ કિ.રૂ. ૫૧,૪૪૦/- નો** પ્રોહી મુદ્દામાલ રાખી એકબીજાની મદદગારીમાં ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ-**૬૫(એ)(ઈ),૯૮(૨),૧૧૬ (બી)** મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)...** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે :-

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

<u>-/(કારણો)/-</u>

***<u>મુદ્દાનંબર-૧ તથા ૨ અંગે :-</u>***

**(૭)...** આ કામના આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિદ્ધાંત એ છે કે, આરોપીઓ સામેનો ગુનો ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ અને જ્યાં સુધી ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર સાબિત ન કરે, ત્યાં સુધી આરોપીઓ નિર્દોષ છે, તેવું અનુમાન કોર્ટે કરવું જોઈએ. ઉપરોકત સિદ્ધાંત ઘ્યાને લેતા, આ કામે જ્યારે, આરોપી સામે ધિ બોમ્બે પ્રોહિ.એકટની જુદી જુદી કલમો મુજબના ગુનાનું તહોમત છે ત્યારે, આ તહોમત સાબિત કરવા માટે ફરીયાદ પક્ષે એ હકીકત પુરવાર કરવી પડે કે, આ કામના આરોપીએ પ્રોહીબીશન એકટની જોગવાઈઓનો ભંગ કરી, ગેરકાયદેસર રીતે કેફી પદાર્થનો આયાત અથવા નિકાસ અને વેચાણ કરેલ છે અને ગેરકાયદેસર રીતે કેફી પદાર્થ પોતાના કબજામાં રાખેલ છે.

**(૭.૧)...** ઉપરોકત ધિ બોમ્બે પ્રોહિ. એકટની કલમો અંગેના ગુનાના તત્વો તથા ફોજદારી ન્યાયશાસ્ત્રનો સિદ્ધાંત ઘ્યાને લઈ, આ કામે ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો,આ કામે ફરીયાદ પક્ષે તેનો કેસ સાબિત કરવા ફરીયાદ પક્ષ તરફે **આંક-૧૪ થી પંચ સાહેદ વિપીનભાઈ શંકરભાઈ ભીલ તથા આંક- ૧૬ થી પંચ સાહેદ ઈશ્વરભાઈ છગનભાઈ ભીલનાઓની** સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે, **આંક-૧૫** ના પંચનામામા તેમની સહી છે. પંચ સાહેદે ફરીયાદ પક્ષને મદદકારક કોઈ હકીકત જણાવેલ ન હોય તેઓને વિ. એપીપીશ્રીની મૌખિક રજુઆતથી હોસ્ટાઈલ જાહેર કરી, ઉલટ તપાસમાં પુછી શકાય

તેવા સીધા સવાલો પુછવાની પરવાનગી આપવા છતા તેઓએ ફરીયાદપક્ષ ને મદદરકારક કોઈ હકીકત જણાવેલ નથી.

**(૭.૨)...** ફરીયાદપક્ષે **આંક–૧૮ થી ફરીયાદી શૈલેષભાઈ નરેશભાઈ રાઠવા તથા આંક– ૨૭ થી ત.ક.અ.ખુમાનભાઈ બનસીંગભાઈ રાઠવાનાઓને** તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદની હકીકતો મુજબ જ પુરાવો આપેલ છે તેમજ ત.ક.અમલદારનાઓએ તેઓને સદર ગુનાની તપાસ મળતા તેઓએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો લઈ, આરોપીને અટક કરી અને આરોપી વિરુધ્ધ પુરાવો હોય ચાર્જશીટ કરેલ અને આરોપીને ઓળખતા હોવાનો પુરાવો આપેલ છે, પરંતુ આરોપી તરફે કરવામાં આવેલ તમામ સાહેદોની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓ પેટ્રોલીંગમાં હતા ત્યારે પોલીસ સ્ટાફ સિવાય તેમની સાથે અન્ય કોઈ હતુ નહી. એ વાત ખરી છે કે, આ કામે તેઓએ પેટ્રોલીંગમાં હતા તે દર્શાવતો કોઈ આધાર કે પુરાવો આ કામે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી પાસેથી મળી આવેલ મુદ્દામાલ બોટલોના શીલ અંગે તે કંપનીના અધિકૃત વ્યકિત પાસે ખાતરી કરાવેલ નથી કે તે અધિકૃત વ્યકિતના કોઈ નીવેદન લીધેલ નહી. એ વાત ખરી છે કે, આ બનાવવાળી જગ્યાની /વાહનની માલીકીના કોઈ આધાર પુરાવા તેઓએ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર વિસ્તાર આવેલ છે અને ત્યાં લોકોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, આ કામે તેઓ એ પોલીસ સાહેદ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે કોઈ મળી આવેલ મુદ્દામાલ પ્રતિબંધિત કેફી પ્રવાહી હોય તેનો કોઈ એફ.એસ.એલ રીપોર્ટ ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી. તેમજ આ સિવાયની અન્ય હકીકતો નો ઈન્કાર કરેલ છે.

**(૭.૩)...** આમ, આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામમાં એ હકીકતની નોંધ લેવી ઘટે કે, આ કામે **આંક–૧૪ તથા આંક– ૧૬ થી** તપાસવામા આવેલા પંચ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી તેથી આ સંજોગોમા પંચનામુ યોગ્ય રીતે પુરવાર કરવામાં આવેલ નથી તેમજ પંચોની હાજરીમા પંચનામાની વિગતે મુદામાલ કબજે કરવામા આવેલ હોય તેમજ આરોપીઓને અટક કરવામા આવેલ હોય તે હકીકતને પંચ સાહેદે સમર્થન આપેલ નથી. આમ, સદરહુ પંચ સાહેદના પુરાવાથી **આંક–૧૫** ના પંચનામાની હકીકતો રેકર્ડ પર પુરવાર થતી નથી. વધુમાં, મુદ્દામાલ ઉત્પાદકનો પણ તપાસ કરનાર અમલદારે કોઈ જવાબ મેળવેલ નથી તેમજ તેના શીલ અંગે પણ કોઈ ખાત્રી કરાવેલ નથી. આમ, તેટલા અંશે તપાસમાં મહત્વની ત્રુટીઓ રહેલી છે અને જેનો લાભ પણ આરોપીને મળવાપાત્ર બને છે. આમ, ફરીયાદપક્ષે તપાસમાં મહત્વપુર્ણ ખામી રહેલી છે તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે જગ્યા/વાહન આરોપીની માલીકીની હોવાની હકીકત

સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. તેમજ આ કામે સમગ્ર ચાર્જશીટના કાગળો ધ્યાને લેતા આરોપીની પાસેથી મુદ્દામાલ કબ્જે કર્યા અંગે કોઈ રસીદ આપવામાં આવેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી કે તે અંગે ફરીયાદપક્ષ ધ્વારા કોઈ પુરાવો પણ રજુ રાખવામાં આવેલ નથી. તેમજ સદર દારૂની બોટલ કયાંથી લાવવામાં આવેલી ? જો ખરીદ કરેલ હોય તો કોની પાસેથી ખરીદ કરેલી ? શા માટે ખરીદ કરેલી? જેની મહત્વની કોઈ પણ તપાસ આ કામે કરવામાં આવેલ નથી. આમ, ફરીયાદપક્ષના કેસમાં અનેકવિધ ત્રુટીઓ રહેલી હોવાનુ જણાય છે. વધુમાં, જે મુદ્દામાલ કબ્જે કરવામા આવેલ છે તે મુદ્દામાલ પ્રતિબંધીત **વિદેશી દારૂ** હતો કે, કેમ ? તે પૃથ્થકરણ માટે એફ.એસ.એલમાં મોકલવામાં આવેલ પરંતુ આજદીન સુધી તેનો કોઈ પૃથ્થકરણ રીપોર્ટ આ કામે પરત આવેલ નથી. તેમજ જો આ કામે માની લેવામાં આવે કે, તે પૃથ્થકરણ રીપોર્ટ પરત આવેલ હોય અને તેના અહેવાલમાં મળી આવેલ પ્રવાહી **પ્રતિબંધીત વિદેશી દારૂ હતો** અને તે હકીકત પુરાવામાં પુરવાર માની લેવામાં આવે તો પણ આ કામે જયારે પંચો તેઓની હાજરીમાં આરોપી પાસેથી મુદ્દામાલ કબ્જે કર્યાની હકીકતને સમર્થન આપતા ન હોય તથા તે પ્રતિબંધીત પ્રવાહી આરોપીના કબ્જામાંથી પંચો રૂબરુ કબજે કરેલ હોય તેવુ પુરવાર થતુ ન હોય તેવા સંજોગોમાં તે એફ.એસ.એલનો પૃથ્થકરણ રીપોર્ટ પોઝીટીવ આવેલ હોવા છતા અને પુરાવા ઉપર રેકર્ડ ઉપર આવેલ હોવાનુ માની લેવા છતા જયારે બીજો કોઈ પુરાવો આરોપી વિરૂધ્ધ આવતો ન હોય ત્યારે આરોપીને ફકત તે એફ.એસ.એલ.ના પૃથ્થકરણ રીપોર્ટ પોઝીટીવ હોવાના કારણે તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૭.૪)...** આમ, ફરીયાદ પક્ષે રજુ રાખેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ પંચોની હાજરીમા પંચનામામા જણાવેલ મુદ્દામાલ કબજે કરવામા આવેલ હોય તેવુ ફરીયાદ પક્ષના પુરાવા પરથી સાબિત થતુ નથી. આરોપીના કબ્જામાથી પ્રતિબંધીત પ્રવાહી **વિદેશી દારૂ** મળી આવેલ હોય તે બાબત પુરવાર થતી નથી. ત.ક.અમલદારનાઓએ આ તપાસના કામે પોલીસ સાહેદ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી તેમજ બનાવવાળી જગ્યા/વાહન આરોપીની માલીકીની હોવા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો તપાસના કામે લીધેલ નથી. તેમજ તે પુરાવા તથા નીવેદનો શા માટે લીધેલા નથી તે અંગે કોઈ વ્યાજબી કારણ પણ આપેલ નથી. તેમજ આ કામે પોલીસ સાહેદોએ સ્વભાવીક રીતે ફરીયાદ પક્ષના સમર્થનમા જુબાની આપેલ છે પરંતુ તેમની જુબાનીને આ કામે તપાસવામા આવેલા પંચ સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી. તેમજ આ સ્વતંત્ર પંચ સાહેદની જુબાનીમા તેઓની હાજરીમા પંચનામાની વિગતે કોઈ મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ હોય તેવુ જણાવેલ નથી. તેમજ પંચ સાહેદનો પુરાવો પોલિસ સાહેદના પુરાવાથી તદ્દન વિરૂધ્ધનો જણાઈ આવે છે.

(૭.૫)... આમ, સદર કામે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષે તપાસેલ પંચ સાહેદો ધ્વારા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવવામાં આવેલ છે પરંતુ પંચસાહેદો ધ્વારા પંચનામાની તમામ હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે અને તેવા સંજોગોમાં **ના.ગુજરાત હાઈકોર્ટનો ક્રીમીનલ અપીલ નં – ૯૪૭/૧૯૯૩** ના કામે **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ. પટેલ,** ના કેસનો ચુકાદો કે જે **જી.એચ.જે ૨૦૧૧ ભાગ ૨૬ પેજ નં.૧** ઉપર રીપોટેર્ડ થયેલ છે તે ચુકાદો ધ્યાને લીધો. જેમાં ના. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, જો મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદના હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશનનાં કેસો " **Beyond Reasonable Doubt** " પુરવાર થઈ શકે નહી. આથી ના. હોઈકોર્ટે ટ્રાયલ કોર્ટનો ચુકાદો યોગ્ય હોવાનુ ઠરાવેલ. જે ના.ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનો પણ ફરીયાદ પક્ષના કેસના સમર્થનકારક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેવા સંજોગોમા ફરીયાદ પક્ષ આરોપી સામેનુ તહોમત પુરવાર કરવામાં સ્પષ્ટપણે સફળ થયેલ નથી. ત્યારે આવા સંજોગોમા પોલિસ સાહેદની જુબાની પર આધાર રાખી શકાય નહીં. તેમજ **<u>સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રી.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧ )</u>** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જયારે પંચ સાહેદો ધ્વારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ કર્મચારીઓની સોગંદ ઉપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

(૭.૬)... વધુમાં **<u>માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત , ૨૦૧૨ જી.એલ. એચ.ઈ.એલ.– એચ.સી.– પાના નં– ૨૨૭૬૯૮</u>** માં કરવામાં આવેલ પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ " જો પંચ સાહેદ ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતોનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. "

વધુમાં, સદર કામે તપાસેલ પંચ સાહેદોની જુબાની ધ્યાને લેતા એવી કોઈ હકીકત ફલીત થતી નથી કે, પકડાયેલ મુદ્દામાલ બોટલો ઉપર પંચોની સહીઓ કે અંગુઠા કરાવેલી સ્લીપ લગાવેલ હોય. આમ, જયારે તપાસ કરનાર અમલદાર ધ્વારા કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ ઉપર પંચોની સહીઓ કે અંગુઠાવાળી સ્લીપ ચોંટાડેલ ન હોય તેવા સંજોગોમાં **<u>ધીરજલાલ ગાંડાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧ જી.એલ.આર. પાના નં.૪૩૩ માં</u>** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ " જયારે મુદ્દામાલ પંચોની સહી સાથે શીલ કરવામાં ન આવી હોય અને પંચોનો પુરાવો દારૂ મળી આવેલ હોય તેવા ફરીયાદીના પુરાવાને સમર્થન આપતો ન હોય ત્યારે પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(બી) માં

જણાવેલ અનુમાન કરી શકાય નહી. વધુમાં , **ગુલાબભાઈ રણછોડભાઈ અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૨ (૨) જી.એલ.એચ. (યુ.જે.) પાના નં. ૧૧** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ '' પ્રોસીકયુશન તરફે ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ ન હોય કે લેબલની ખરાઈ કરેલ ન હોય તો પ્ર ોહીબીશન એકટની કલમ–૧૧૬(બી) માં જણાવેલ અનુમાન થઈ શકે નહી.''

(૭.૭)... તેમજ સદર કામે ફરીયાદપક્ષનો કેસ જોતા સદર કામે મુદ્દામાલ જે મકાન/જગ્યામાંથી કબ્જે કરવામાં આવેલ છે, ત્યારે આ મકાન/જગ્યા આરોપીની માલકીનુ છે કે તેઓનુ કબ્જા ભોગવટાનુ છે તે બાબતે કોઈ જ તપાસ ત.ક.અ.નાઓએ કરેલ નથી. તેમજ ફરીયાદપક્ષ તરફે પણ તે અંગેનો કોઈ પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં **ધી સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. વિશ્વનાથ નામદેવ, ક્રી.લો.જ.–એમ.એચ. પાના નં. ૪૨૨** માં ઠરાવેલ સિધ્ધાંત મુજબ ''ફરીયાદપક્ષ સાબીત કરી ન શકયો હોય કે મકાન આરોપી નુ જ હતુ તેમજ મકાન આરોપીના રચનાત્મક કબ્જામાં હોય, આરોપી શંકાના લાભ માટે હકકદાર છે.''

(૭.૮)... વધુમાં,ફરીયાદપક્ષે જે પંચ સાહેદો તપાસેલ છે તે પંચનામાની વિગતોને લેશ માત્ર સમર્થન આપતા ના હોઈ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીના કબ્જામાંથી કે જગ્યામાંથી કે વાહનમાંથી કે મકાનમાંથી મળેલ હોવા સંબંધી વાજબી શં કા ઉપસ્થિત થાય છે. તેમજ **સ્ટેટ વિ. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી, એ.આઈ.આર. ૧૯૬૦ ગુજ. ૨૪** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, ''Where the presence of the panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conducting the search must ordinarily be corroborated, and that if there is no such corroboration, ordinarily, a conviction should not rest solely on the uncorroborated testimony of the Police Officer who conducted the search."

"The corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of Panchas, is usually the evidence of one of the Panchas. At any rate the corroboration must be from a source independent of the Police Officer who made the search.''

આમ, ઉપરોકત તમામ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ જુદા જુદા સિધ્ધાંતોને લક્ષમાં રાખી હાલનો કેસનો રેકર્ડ ઉપર આવો તમામ પુરાવો તથા ઉપરોકત કરેલ ચર્ચાઓ ધ્યાને લેતા જયારે ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચ સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી તેવા સંજોગોમાં પ્રોહીબીશનના ગુના

માટે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી અને તે મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોઈ મુદ્દા નં. ૧ નો જવાબ '' નકારમાં '' આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:/(હુકમ)/:-**

(૧)...આ કામના આરોપી **રાદીયાભાઈ ડેમસીયાભાઈ ડુ.ભીલ** રહે. બુધાજલઘુની, નસવાડી, તા. નસવાડી,જી.છોટાઉદેપુરનાઓને **બી.એન.એસ.એસ.કલમ-૨૭૧(૧)**અન્વયે પ્રોહીબીશન એકટની કલમ-**૬૫ (એ)(ઈ),૯૮(૨),૧૧૬(બી)** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)...**આ કામે કબજે કરવામાં આવેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.** તેમજ આ કામે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ કબ્જે કરવામાં આવેલ બાઈક ઉપરથી પ્રોહી મુદ્દામાલ મળી આવેલ હોય તે હકીકત પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં મળી આવેલ બાઈકનો અગાઉ કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરવામાં આવેલ હોય તો તે અપીલ સમય પુર્ણ થયા બાદ તે વચગાળાનો હુકમ કાયમી કરવાનો ન્યાયના હીતમાં હુકમ કરવામાં આવે છે.

તેમજ જો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો આ કામે મુદ્દામાલ વાહન અપીલ સમય પુર્ણ થયા બાદ જો કોઈ કલેઈમ કરે તો તેની માલીકી અંગેના યોગ્ય પુરાવાઓ મેળવી તથા તેની ખરાઈ કરી રજીસ્ટર્ડ માલીકને સદર વાહન પરત કરવા અને જો કોઈ કલેઈમ ન કરે તો ક્રીમીનલ મેન્યુઅલમાં મુદ્દામાલ નિકાલ અંગે આપવામાં આવેલ જોગવાઈઓને અધીન સદર વાહનો સરકાર ખાતે ખાલસા કરી અને ત્યારબાદની કાર્યવાહીઓ પરિપુર્ણ કરી તેની મળી આવેલ રકમ સરકાર ખાતે જમા કરાવવાનો ન્યાયાના હીતમાં હુકમ કરવામાં આવે છે.

(૩)...આ કામના આરોપીઓએ **બી.એન.એસ.એસ.કલમ-૪૮૧** ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલતમાં અપીલ કે, પીટીશન થયેથી, જે-તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીના અગાઉના જામીન અપીલ સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ-**૦૬ મી**,માહે-**જુલાઈ,**સને-**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી, જાહેર કર્યો.

**( ઓવેશખાન લીયાકતખાન પઠાણ )**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**નસવાડી.(યુ.આઈ.સી.નંબર ૧૨૦૭)**

**તા.૦૬/૦૭ /૨૦૨૬**
**નસવાડી**